"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट असोसिअेशन

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

૭૫, सहजानंद शॉपींग सेन्टर, स्वामी नारायण मंदिरनी सामे, शाहीबाग रोड, अहमदावाद-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 79-23250123/24
Fax : 79-23250125 (M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 0281-2481900
Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516, 079-65449241, 079-65449187 (M) 98240 39477

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૧૭-૨૦૧૮/૧૯ તા.૨૯-૦૪-૨૦૧૭

**ખાસ જરૂરી**

પ્રતિશ્રી,
**માનનીયશ્રી આર.એમ. જાદવ સાહેબ**
વાહનવ્યવહાર કમિશ્નરશ્રી,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

વિષય :- **લમસમ ટેક્ષની ગણતરી અંગે રજુઆત**

માનનીયશ્રી,

જયભારત સાથ જણાવવાનું કે અગાઉ કરેલ રજુઆત મુજબ વ્યાપારીક વાહનોના લમસમ ટેક્ષમાં મેન્યુફેકચર્સ ડિલરે આપેલા બીલમાં કયારેક ડિસ્કાઉન્ટ બાદ કરેલ હોય છે. લમસમ ટેક્ષની ગણતરી માટે ડિસ્કાઉન્ટ બાદની અને ટેક્ષ પહેલાની રકમ ગણાવી જોઈએ પણ બધી આર.ટી.ઓ. કચેરીમાં લમસમ ટેક્ષની ગણતરી વખતે ડિસ્કાઉન્ટની રકમ બાદ કરવામાં આવતી નથી. આ અંગે અમોએ ગુજરાત વાણિજયક વેરા કમિશ્નરની કચેરી ખાતાના પત્ર ક્રમાંક નં : ગુજકા/વેટ-વાહન/૧૭-૧૮/જા. ૮૦ તા.૨૭-૦૪-૨૦૧૭થી જાણકારી મેળવેલ કે ગાડીઓના વેચાણમાં વેચાણ વેરો ડિસ્કાઉન્ટ બાદની રકમ ઉપર જ લેવામાં આવે છે. તે કાયદાની કોપી આ સાથે સામેલ રાખેલ છે. તો તે અંગે યોગ્ય કરવા મહેરબાની કરશોજી.

અગાઉ અમોએ રજુઆત કરેલ તે પ્રમાણે લમસમ ટેક્ષની કોમ્પ્યુટર સીસ્ટમ ઘણી મોડેથી તૈયાર થયેલ જેથી કરીને ટેક્ષ ભરવાની તે મુદતમાં તા.૩૦-૦૪-૧૭ સુધી વધારો થયેલ છે પણ તે દરમ્યાન પરપ્રાંત ચાલતા તેમજ બીજા ઘણા વાહનોએ વાર્ષિક ટેક્ષ ભરી દીધેલ. આપની જાણ ખાતર આપના વિભાગના ગેઝેટ નોટીફીકેશન તા.૩૧-૦૩-૨૦૧૦, વિવરણ ૩માં દર્શાવ્યા મુજબ જેમણે એડવાન્સ ટેક્ષ ભર્યો હોય અને પછી લમસમ ટેક્ષ ભરવા માંગેતો અગાઉ ભરેલ રકમ મજરે આપવામાં આવે. આ મુજબ અમોએ પણ આપની ઓફિસમાં ઉપરોકત બાબતે રજુઆત કરેલ. અત્યારે પણ જે લોકોએ એડવાન્સ ટેક્ષ ભરી દીધો હોય અને લમસમ ટેક્ષ ભરવા માંગતા હોય તો તેમને ભરેલ એડવાન્સ ટેક્ષની રકમ મજરે આપવાની વ્યવસ્થા કરવા વિનંતી.

ઘણીબધી જુની ગાડીઓમાં કે સેકન્ડ હેન્ડ ખરીદેલ ગાડીઓમાં બીલ નહી હોવાથી લમસમ ટેક્ષ ભરતી વખતે ટેક્ષની ગણતરી માટેની રકમ નકકી કરવા અમોએ પહેલા ટાટા મોટર્સનું જે-તે વર્ષનું જુદા જુદા મોડલોની ટેક્ષ બાદની રકમ પરિશિષ્ટ (લીસ્ટ) આપની ઓફિસમાં આપેલ. આ સાથે આઈશર મોટર્સમાંથી સને ૧૯૯૯ થી ૨૦૧૪ સુધીના પોપ્યુલર મોડલોમાં ટેક્ષની બાદ કિંમતનું સર્ટીફિકેટ બીડેલ છે. જેથી આવા મોડલોના વાહનોમાં બીલની અવેજીમાં ટેક્ષ ગણતરી સહેલાઈથી થઈ શકે અને જે તે ગાડીઓવાળા આ રકમ મુજબ લમસમ ટેક્ષની ગણતરી કરી સરળતાથી ટેક્ષ ભરી શકે.

ઉપરોકત બાબતે યોગ્ય કરવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**મુકેશભાઈ સી. દવે**
(માનદમંત્રી)

સામેલ : ૧. ગુજરાત વાણિજ્યિક વેરા કમિશ્નરશ્રીના પત્ર / કાયદાની નકલ
૨. આઈશર મોટર્સનું સર્ટીફીકેટ